૫૩૩

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે
સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન પ્રદાન
કરનાર વ્યકિતને **'પૂજય રવિશંકર
મહારાજ'** એવોર્ડ એનાયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃસશ૫/૧૧૦૩/નબા–૨/અ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૪/૨/૨૦૦૫

વંચાણે લીધાઃ– (૧) સા.ન્યા. અને અ.વિભાગના તા.૨૧/૧૨/૨૦૦૪ના સરખા ક્રમાંકનો ઠરાવ.
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૮/૧૨/૨૦૦૪નો અ.સ.પત્ર ક્રમાંકઃવિજાક/જન/નબા/૨૦૦૪–૦૫/૬૨૭૧.

<u>ઠ રા વ</u> :–

આ વિભાગના તા.૨૧/૧૨/૨૦૦૪ના સરખા ક્રમાકંના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સહિત સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ માટે તથા સામાજિક સમજદારીને પ્રોત્સાહન આપી સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન પ્રદાન કરનાર વ્યકિતને 'પૂજય રવિશંકર મહારાજ એવોર્ડ' આપવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

૨. આ યોજનાની જોગવાઈ મુજબ એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે.

(પાછળ)

| | | |
|---|---|---|
| ૧. | મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા | અધ્યક્ષશ્રી |
| ૨. | શ્રી સુંદરસિંહ ભલાભાઈ ચૌહાણ, ધારા સભ્યશ્રી, સીમ શાળા પાસે, મુ.ખાત્રજ, તા.મહેમદાવાદ , જિ.ખેડા. | સભ્યશ્રી |
| ૩. | શ્રી જયેન્દ્રસિંહ રાઠોડ, મુ.સીતવાડા, તા.પ્રાંતિજ, જી. સાબરકાંઠા. | સભ્યશ્રી |
| ૪. | શ્રી હરીભાઈ ચૌધરી, પૂર્વ સંસદસભ્યશ્રી, મુ.પો.જગાણા, તા.પાલનપુર, જી. બનાસકાંઠા | સભ્યશ્રી |
| ૫. | શ્રી નારસિંહ પઢિયાર, પૂર્વ ધારાસભ્યશ્રી, જાનકી નિવાસ, ગીરનાર રોડ, મુ.પો. જુનાગઢ. | સભ્યશ્રી |
| ૬. | સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્યશ્રી |
| ૭. | નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ. | સભ્ય સચિવશ્રી |

સમિતિની શરતો નીચે મુજબ છે.

૧) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિએ તેનો નિર્ણય સર્વાનુમતે અન્યથા બહુમતીના ધોરણે લેવાનો રહેશે અને જયાં મત સરખા વિભાજીત થતા હોય ત્યારે ચેરમેનનો મત નિર્ણાયક રહેશે.

૨) જો નિર્ણાયક સમિતિના ચાર સભ્યો હાજર ના હોય તો નિર્ણાયક સમિતિ એવોર્ડ માટે નિર્ણય લઈ શકશે નહી.

૩) એવોર્ડ માટે દરખાસ્તો મેળવવાની, તેની સમગ્ર ચકાસણી કરી આ અંગેની તમામ વિગતો તૈયાર કરવાની કામગીરી સભ્ય સચિવ તરીકે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગરે કરવાની રહેશે.

૪) નિર્ણાયક સમિતિ એવોર્ડ માટે તેને મળેલ દરખાસ્તો પર વિચારણા કરી જે તે વ્યકિતને એવોર્ડ આપવા યોગ્ય હોય તેની જાણ સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા, બ્લોક નં.૫, ૮મે માળ, સચિવાલય, ગાંધીનગરને કરવાની રહેશે.

.......૩/–

435



૫) નિર્ણાયક સમિતિની કાર્યવાહી લેખિતમાં અને ગુપ્ત રાખવાની રહેશે.

૬) નિર્ણાયક સમિતિના નિર્ણય બાબતે કોઈ વિરોધ કે દાદ ફરિયાદ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૭) આ વિભાગના આમુખમાં જણાવેલ તા.૨૧/૧૨/૨૦૦૪ના ઠરાવથી નકકી કરવામાં આવેલી કાર્યપધ્ધતિ અનુસાર સમિતિએ અનુસરવાની રહેશે.

૮) સમિતિના બિન–સરકારી સભ્યો પૈકી ધારાસભ્યોને સમિતિ અંગેના કામકાજ માટે ૧૯૬૦ના ગુજરાત વિધાનસભા સભ્યોના પગાર–ભથ્થા બાબતના નિયમો અનુસાર પ્રવાસ ભથ્થાં આપવામાં આવશે. જ્યારે અન્ય બિન–સરકારી સભ્યોને નાણાં વિભાગના તા.૧૮/૨/૮૨ના પરિપત્ર ક્રમાંકઃએમએસબી–૧૦૮૨–૨૯૮–જ તથા તેમાં થયેલ વખતો વખતના સુધારેલા દર મુજબ પ્રવાસ ભથ્થુ ચૂકવવાનું રહેશે.

૯) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની મુદત ૩ વર્ષ અથવા બીજા હુકમો થાય એ બેમાંથી જે વહેલું હોય તેટલા સમય પૂરતીરહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.આર. ભુરીયા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માનનીય વિરોધ પક્ષના નેતા, ગુજરાત વિધાન સભા, ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા, સચિવાલય, ગાંધીનગર.

.......૪/–

સમિતિના સંબંધિત સભ્યશ્રીઓ તરફ (પત્ર દ્વારા)
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં.૪/૩, ડૉ.જીવરાજ
મહેતા ભવન, ગાંધીનગર.
જિલ્લાઓના સર્વે નાયબ નિયામકશ્રીઓ, (વિકસતી જાતિ)
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિકસતી જાતિ)
સર્વે કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ/રાજકોટ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, 'બ' શાખા, સચિવાલય,
ગાંધીનગર.
સિલેક્ટ ફાઈલ.